## UCB માટે Directors, Professional Directors, CEO તથા Board of Management માટે Qualification & Eligibility Criteria

### 1. Professional Directors – ઓછામાં ઓછા બે

a) બેન્કના Boardમાં હંમેશા **ઓછામાં ઓછા બે** **Professional Directors** હોવા જોઈએ. Professional Director એવી વ્યક્તિ હોવી જોઈએ જેને

i) Suitable banking experience at middle or senior management level; or

ii) Relevant professional qualifications in law, accountancy or finance ક્ષેત્રમાં હોય.

b) Professional Director તરીકે પસંદ કરવામાં આવનાર વ્યક્તિ પાસે માત્ર શૈક્ષણિક લાયકાત હોવી પૂરતી ન ગણાય; બેન્કિંગ, નાણાકીય વ્યવસ્થા, risk management, credit, accounting, audit, compliance, law અથવા governance જેવા ક્ષેત્રોમાં તેની practical understanding પણ હોવી જોઈએ.

c) વ્યક્તિએ બેન્કના Boardની જવાબદારીઓ સમજી શકે તેવી ક્ષમતા ધરાવતી હોવી જોઈએ અને RBIની regulatory requirements, Banking Regulation Act, Co-operative Laws તથા UCB સંબંધિત Directionsનું મૂળભૂત જ્ઞાન ધરાવતી હોવી જોઈએ.

d) Professional Directorએ Board meetingsમાં સક્રિય રીતે ભાગ લેવાની, Board papersનો અભ્યાસ કરવાની અને જરૂરી હોય ત્યારે MD/CEO પાસેથી યોગ્ય માહિતી મેળવવાની ક્ષમતા ધરાવવી જોઈએ.

e) Professional Directorને બેન્કના day-to-day administrationમાં હસ્તક્ષેપ કર્યા વગર **policy formulation, supervision, risk oversight, financial discipline અને governance**માં યોગદાન આપવાની ક્ષમતા હોવી જોઈએ.

### 2. 51% professional- Directors

**The most important provision for Directors of UCBs is Section 10A(2), which prescribes the 51% professional-experience requirement.**

જો બેન્ક વધુ professional Board રચવા માંગતી હોય તો તેના Bye-laws માં એવી જોગવાઈ કરી શકાય કે **Boardની કુલ સંખ્યામાં ઓછામાં ઓછા 51% Directors professional background ધરાવતા હોય.**

આ 51%ની ગણતરીમાં એવા Directorsનો સમાવેશ કરી શકાય જેમની પાસે નીચેના ક્ષેત્રોમાં યોગ્ય qualification અથવા substantial practical experience સંબંધિત ક્ષેત્રમાં વિશેષ જ્ઞાન અથવા વ્યવહારુ અનુભવ ધરાવતા વ્યક્તિ હોય:

- Accountancy.
- Agriculture and Rural Economy.
- Banking.
- Co-operation.
- Economics.
- Finance.
- Law.
- Small-Scale Industry.
- Any other subject in which special knowledge or practical experience would, in the opinion of RBI, be useful to the bank.

- **વધારાની આવશ્યકતા:**
- ઉપરોક્ત માપદંડ પૂર્ણ કરતા Directorsમાંથી **ઓછામાં ઓછા બે Directors પાસે કૃષિ અને ગ્રામ્ય અર્થતંત્ર (Agriculture and Rural Economy), સહકાર (Co-operation) અથવા લઘુ ઉદ્યોગ (Small-Scale Industry)** ક્ષેત્રમાં **વિશેષ જ્ઞાન અથવા વ્યવહારુ અનુભવ** હોવો આવશ્યક છે.
- **મહત્વપૂર્ણ સ્પષ્ટતા:**
- **51% Directorsની આવશ્યકતા માત્ર CA, CS, CMA, LL.B. અથવા MBA જેવી Professional Degree ધરાવતા Directors પૂરતી મર્યાદિત નથી.** કોઈ વ્યક્તિ નિર્ધારિત ક્ષેત્રોમાં **વિશેષ જ્ઞાન અથવા વ્યવહારુ અનુભવ** ધરાવતી હોય તો તે વ્યક્તિ પણ આ માપદંડ હેઠળ યોગ્ય ગણાઈ શકે છે.
- ઉદાહરણ તરીકે, **Banking Operations, Credit Management, Co-operative Banking, Finance અથવા Accountancy** ક્ષેત્રમાં નોંધપાત્ર અને વ્યવહારુ અનુભવ ધરાવતી વ્યક્તિ, અન્ય લાગુ પડતી કાયદાકીય તથા નિયમનકારી લાયકાતો પૂર્ણ કરતી હોય તો, આ માપદંડ હેઠળ યોગ્ય ગણાઈ શકે છે.

51% Professional Directorsમાંથી શક્ય હોય ત્યાં સુધી વિવિધ professional disciplinesનું યોગ્ય representation રાખવું જોઈએ, જેથી Boardમાં માત્ર એક જ પ્રકારની expertiseનું પ્રભુત્વ ન રહે.

3. Other / Non-Professional Directors

a) Other Directors તરીકે ચૂંટાઈને અથવા અન્ય કાયદેસર રીતે નિયુક્ત થનારા વ્યક્તિઓ પણ **knowledgeable, financially responsible અને high integrity** ધરાવતા હોવા જોઈએ. RBIએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે UCBના Directors knowledgeable અને high integrity ધરાવતા હોવા જોઈએ.

b) Other Directorને UCBના સભ્ય તરીકે admission માટે eligible હોવું જરૂરી છે, સિવાય કે applicable provisions હેઠળ તે co-opted અથવા nominated Director હોય.

c) Money-lending, financing અથવા investment activitiesમાં વ્યક્તિગત રીતે અથવા proprietor/partner /employee /director તરીકે સંકળાયેલ વ્યક્તિને Director તરીકે eligible ગણવામાં આવશે નહીં.

d) જે વ્યક્તિ **moral turpitude ધરાવતા criminal offenceમાં convicted** થઈ હોય તે Director બનવા માટે eligible નહીં હોય.

e) Other Director પાસે formal professional qualification ન હોય તો પણ તેને banking, cooperative movement, business, agriculture, industry, social sector અથવા અન્ય સંબંધિત ક્ષેત્રનો પૂરતો અનુભવ અને Board-level responsibilities સમજવાની ક્ષમતા હોય તો વધારે સારું.

f) Other Directorsએ Board meetingsમાં નિયમિત હાજરી આપવી, Board papersનો અભ્યાસ કરવો અને UCBની policies તથા RBIના directionsથી પરિચિત રહેવું જોઈએ.

4. બધા Directors માટે સામાન્ય Fit & Proper Criteria

a) દરેક Director માટે **integrity, reputation, competence, experience અને financial soundness**ને મહત્વ આપવું જોઈએ.

b) Directorએ Boardના confidential papers, customer information અને bank-related sensitive informationની સંપૂર્ણ confidentiality જાળવવી જોઈએ.

c) Directorએ પોતાના અથવા પોતાના relative/associated entityના interest ધરાવતા proposal પર Boardમાં participation ન કરવી જોઈએ અને પોતાનો direct અથવા indirect interest અગાઉથી MD/CEO અને Boardને disclose કરવો જોઈએ.

d) Directorએ કોઈ individual employeeને સીધી instruction આપવી નહીં તથા appointment, transfer, posting, promotion અથવા individual employee grievance જેવી personnel mattersમાં હસ્તક્ષેપ કરવો નહીં.

e) Directorએ કોઈ borrower માટે loan sanction કરાવવા influence કરવું નહીં અને કોઈ loan proposal sponsor કરવો નહીં.

5. **Directors – Tenure and Cooling-off Period**

**દીર્ઘકાલીન કાર્યકાળ અને Cooling-off Period:**

UCBના Board પર કોઈ Directorએ સતત **10 વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો હોય**, તો તે Director તે જ UCBના Board પર ફરીથી Director તરીકે નિયુક્ત થવા માટે—ચૂંટણી દ્વારા, co-option દ્વારા અથવા અન્ય કોઈપણ રીતે—**ઓછામાં ઓછા 3 વર્ષનો Cooling-off Period પૂર્ણ કર્યા પછી જ પાત્ર રહેશે.**

Cooling-off Period દરમિયાન સંબંધિત Director **Member/Customer તરીકેની સામાન્ય ભૂમિકા સિવાય UCB સાથે કોઈપણ capacity અથવા mannerમાં સંકળાયેલ રહી શકશે નહીં.** એટલે કે, આ સમયગાળા દરમિયાન તે UCBના Board, Board Committee, Board of Management અથવા અન્ય કોઈ managerial/governance capacityમાં રહી શકશે નહીં.

જો Directorએ 10 વર્ષનો સતત કાર્યકાળ પૂર્ણ કર્યા બાદ 3 વર્ષનો Cooling-off Period પૂર્ણ કર્યો ન હોય, તો તે જ UCBના Board પર ફરીથી Director તરીકે નિમણૂક/ચૂંટણી માટે **eligible ગણાશે નહીં.**

જોકે, આ Cooling-off provisionને કારણે તે વ્યક્તિને **અન્ય કોઈ બેન્કના Board પર Director તરીકે નિયુક્ત થવામાં પ્રતિબંધ રહેશે નહીં**, જો તે વ્યક્તિ અન્ય તમામ લાગુ પડતી eligibility અને fit & proper criteria પૂર્ણ કરતી હોય.

**સરળ ઉદાહરણ**

- 6 વર્ષ Director → **2 વર્ષ વિરામ** → ફરી 4 વર્ષ Director
  → **6 + 4 = 10 વર્ષ** ગણાશે, કારણ કે વિરામ 3 વર્ષથી ઓછો છે. હવે બીજા ત્રણ વર્ષનો વિરામ લીધા પછી જ ફરીથી ચૂંટણી લડી શકે
- 6 વર્ષ Director → **3 વર્ષ વિરામ** → ફરી 4 વર્ષ Director
  → અગાઉના 6 વર્ષ **ગણવામાં નહીં આવે**; નવી નિમણૂકથી કાર્યકાળની ગણતરી શરૂ થશે. હજુ બીજા 6 વર્ષ સુધી ડાઇરેકર બનવા યોગ્ય છે.

6 **Board of Management – Qualification & Eligibility**

રૂપિયા 100 કરોડ કે તેથી વધુ ડિપોઝિટ ધરાવતી UCBs માટે BOM ની રચના કરવી ફરજીયાત છે. UCBમાં Board of Managementની રચના banking-related activitiesમાં **professional management અને focused attention** માટે કરવામાં આવે છે. સામાન્ય રીતે BoMમાં **ઓછા માં ઓછા 5 અને વધુમાં વધુ 12 મેમ્બર્સ/ ડાઈરેક્ટર્સ** હોવા જોઈએ.

BoMના દરેક સભ્ય પાસે નીચેના પૈકી એક અથવા વધુ ક્ષેત્રોમાં **special knowledge અથવા practical experience** હોવું જોઈએ:

1. Accountancy
2. Agriculture and Rural Economy
3. Banking
4. Co-operation
5. Economics
6. Finance
7. Law
8. Small Scale Industry
9. Information Technology
10. અથવા RBIના મત મુજબ UCB માટે ઉપયોગી અન્ય કોઈ વિષય.

આથી BoMની રચના કરતી વખતે માત્ર retired bankersને જ નહીં પરંતુ **Banking, Finance, Credit, Recovery, Risk Management, Law, IT/Cyber Security, Audit, Agriculture, MSME અને Cooperative ક્ષેત્રના અનુભવી professionals**ને પણ યોગ્ય representation આપી શકાય.

**7. BoM માટે Business Relationship અંગે Eligibility**

જે વ્યક્તિનો UCB સાથે **immediately preceding three years દરમિયાન business relationship** રહ્યો હોય તે વ્યક્તિ BoMના સભ્ય તરીકે eligible નહીં હોય.

પરંતુ માત્ર UCBમાં deposit account ધરાવવું “business relationship” ગણાશે નહીં.

આથી proposed BoM member પાસેથી તેના UCB સાથેના business relationship અંગે યોગ્ય declaration મેળવવું જોઈએ.

**8. BoM માટે Fit & Proper Due Diligence**

BoMના દરેક proposed memberની suitability નક્કી કરતી વખતે Boardએ નીચેના મુદ્દાઓનું due diligence કરવું જોઈએ:

**Qualification, Expertise, Track Record, Integrity અને Fit & Proper status.**

નિયુક્તિ અને re-appointment સમયે proposed member પાસેથી RBIના Annex II મુજબ **Declaration-cum-Undertaking** મેળવવું જોઈએ.

Declarationમાં educational qualification, work experience, professional achievements, bank સાથેના સંબંધો, outstanding facilities, defaults, criminal proceedings, regulatory proceedings તથા અન્ય relevant information મેળવવી જોઈએ.

9. **BoMમાં Board of Directorsના Members**

Boardના Directorsમાંથી પણ BoMના members લેવામાં આવી શકે છે, જો તેઓ prescribed criteria પૂરા કરતા હોય.

પરંતુ **BoMના કુલ સભ્યોમાં 50%થી વધુ સભ્યો Board of Directorsમાંથી ન હોઈ શકે.**

આથી BoMમાં બહારના independent/professional expertsનું યોગ્ય representation રહે તે જરૂરી છે.

બેન્ક ના ચેરમેન બોર્ડ ઓફ મેનેજમેન્ટ ના ચેરમેન તરીકે રહી ના શકે.

10. **BoM Member – Multiple UCBs**

એક વ્યક્તિ એકથી વધુ UCBમાં BoM member બની શકે છે, પરંતુ મહત્તમ **ત્રણ UCBs** સુધી, અને તે UCBsના area of operationમાં overlap ન હોવો જોઈએ.

11. **CEO as Member of BoM**

UCBનો **CEO BoMનો non-voting member** રહેશે.

CEOને BoMના minimum 5 અથવા maximum 12 membersની ગણતરીમાં સામેલ કરવામાં આવશે નહીં.

CEO BoMની discussionsમાં management perspectiveથી ભાગ લઈ શકે, પરંતુ prescribed arrangement મુજબ voting member નહીં હોય.

12. **CEO – Eligibility & Appointment**

CEO/Managing Directorની appointment, reappointment અને termination માટે **RBIની prior approval જરૂરી છે.**

અત્યારે આપેલ Governance Directionsના Para 29–30માં CEO માટે કોઈ ચોક્કસ educational qualification, minimum experience અથવા age criterion આપેલ નથી. તેથી આ circularના આધારે CEO માટે ચોક્કસ qualification લખવી હોય તો તેને **બેન્કની internal policy** તરીકે દર્શાવવી જોઈએ, RBIની આ circularની mandatory qualification તરીકે નહીં.

બેન્કની internal policyમાં CEO માટે preferably નીચેના પ્રકારની લાયકાત રાખી શકાય:

**Banking/Finance/Economics/Commerce/Accountancy/Management અથવા અન્ય સંબંધિત ક્ષેત્રમાં Graduate/Post-Graduate/Professional qualification તથા senior-level banking experience. Age above 35 years and not more than 70 years.**

CEO પાસે banking operations, credit, recovery, treasury, risk management, compliance, technology, HR અને financial management અંગે વ્યાપક practical knowledge હોવું જોઈએ.

CEO પાસે UCBના size અને complexityને અનુરૂપ **senior managerial leadership experience** હોવો જોઈએ અને Board દ્વારા નક્કી કરેલી policies તથા RBIના directionsને effectively implement કરવાની ક્ષમતા હોવી જોઈએ.